For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

SOU: ક્રુઝ, હોટલ, રેઈન ફોરેસ્ટ આજથી શરૂ

એકતાનગરમાં આજે સરદાર જયંતીએ મોદી દ્વારા 426 કરોડનાં 31 પ્રોજેક્ટ્સનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

'ભારત પર્વ-2026'નું ઉદ્ઘાટન, 1.5 કરોડ LED લાઇટ્સથી ઝળહળશે એકતાનગર

ગાંધીનગરઃ સરદાર વલ્લભભાઈ પટેલની 151મી જન્મજયંતીએ એકતાનગર રાષ્ટ્રીય એકતા, સાંસ્કૃતિક વૈવિધ્ય અને વિકાસના ભવ્ય સંગમનું સાક્ષી બનશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી 31 ઓક્ટોબરે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેવા સાથે એકતાનગરને રૂ. 426 કરોડથી વધુનાં વિકાસકાર્યોની ભેટ આપશે. પ્રવાસન અને માળખાકીય સુવિધાઓના 31 જેટલા પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવાની સાથે તેઓ 'ભારત પર્વ-2026'નું ઉદ્ઘાટન કરશે. બીજી તરફ, 1.5 કરોડથી વધુ LED લાઇટ્સથી સજ્જ 'એકતા પ્રકાશ પર્વ', એકતા પરેડ, 5 હજાર કલાકારોની સાંસ્કૃતિક પ્રસ્તુતિ અને 'નક્સલ મુક્ત ભારત' વિષય પરનું વિશેષ નાટ્યપ્રદર્શન આ વર્ષની ઉજવણીનાં મુખ્ય આકર્ષણો બનશે.

સરદાર વલ્લભભાઈ પટેલની 151મી જન્મજયંતી નિમિત્તે આવતીકાલે 31 ઓક્ટોબરે એકતાનગર ખાતે યોજાનારી રાષ્ટ્રીય એકતા પરેડ-2026 આ વર્ષે વિશેષ બની રહેશે. ઈતિહાસમાં પ્રથમ વખત પરંપરાગત સવારના બદલે સાંજે 5:30 કલાકે યોજાનારી આ પરેડમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિશેષ ઉપસ્થિતિ રહેશે. બીએસએફ, સીઆરપીએફ, આઈટીબીપી સહિત વિવિધ સુરક્ષા દળો અને પોલીસ ફોર્સના આશરે 10 હજાર જવાનો પરેડમાં ભાગ લેશે. આ વર્ષની પરેડમાં 'નક્સલ મુક્ત ભારત'ની થીમ હેઠળ નક્સલ વિરોધી ડોગ સ્ક્વોડ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે. સાથે જ દેશની સાંસ્કૃતિક વિવિધતા અને એકતાની ઝલક રજૂ કરતા વિશેષ ટેબ્લો પણ પરેડની શોભામાં વધારો કરશે. વડાપ્રધાન મોદી સાંજે

...અનુસંધાન પાના ૧૩ પર

એકતા પરેડમાં 'નક્સલ મુક્ત ભારત'નો સંદેશ

રાષ્ટ્રીય એકતા દિવસની એકતા પરેડમાં કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો, રાજ્ય પોલીસ દળો અને કેન્દ્રીય પોલીસ સંસ્થાઓની શિસ્ત, સાહસ અને વ્યાવસાયિક ક્ષમતાનું પ્રદર્શન થશે. આ વર્ષની પરેડમાં ડાબેરી ઉગ્રવાદ સામે સુરક્ષા દળોની કામગીરી અને અગાઉ અસરગ્રસ્ત વિસ્તારોમાં શાંતિ, સુરક્ષા તથા વિકાસ તરફ આવેલા પરિવર્તનને વિશેષ સ્થાન અપાશે.નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા દ્વારા 'નક્સલ મુક્ત ભારત' વિષય પર વિશેષ નાટ્યપ્રયોગ રજૂ કરવામાં આવશે, જેમાં ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત 126 જિલ્લાઓના આશરે 2 હજાર કલાકારો ભાગ લેશે.

...અનુસંધાન પાના ૧૩ પર

પ્રવાસન અને માળખાકીય સુવિધાઓને નવી ભેટ

વડાપ્રધાન એકતાનગર ખાતે રૂ. 307.83 કરોડના ખર્ચે તૈયાર થયેલા 23 પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરશે. તેમાં રૂ. 50 કરોડની IRCTC હોટલ, રૂ. 16 કરોડની નવી એકતા ક્રૂઝ, રૂ. 14.30 કરોડનો રેઇન ફોરેસ્ટ અને રૂ. 3.67 કરોડની ઇકો-ટ્રેઇલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સુવેજ અને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, પરેડ ટ્રેક, પ્રવાસીઓની અવરજવર માટે ટ્રાવેલેટર્સ, નર્મદા ઘાટનું અપગ્રેડેશન, ફસાડ લાઇટિંગ, એકતા પ્રકાશ પર્વ અને યુનિટી ગ્લો ગાર્ડનનું અપગ્રેડેશન સહિતનાં કામો

...અનુસંધાન પાના ૧૩ પર

ભેટ- પૂજામાં મહત્વને લીધે દર વર્ષે દિવાળીએ 100 કરોડની નવી નોટોની માંગ પણ

સામી દિવાળીએ સુરતની સહકારી બેંકોમાં નવી ચલણી નોટ જ નથી !

માંગ સામે માત્ર 10% પુરવઠો મળતાં સહકારી બેંકો મુશ્કેલીમાં, 10 અને રૂ. 20ની નોટોની ભારે અછત

ગુજરાત અર્બન બેંક્સ ફેડરેશન અને સ્કોબા દ્વારા આરબીઆઈને વધારાની 40% કરન્સી ફાળવવા રજૂઆત

સુરતઃ આગામી દિવાળી પર્વ ટાણે જ દક્ષિણ ગુજરાતની સહકારી બેંકોમાં નવી ચલણી નોટોની ભારે અછત સર્જાઈ છે. તહેવારો દરમિયાન સામાન્ય નાગરિકો અને વેપારીઓ તરફથી નવી નોટોની વ્યાપક માંગ રહેતી હોય છે, પરંતુ આ વર્ષે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા સહકારી બેંકોની ફાળવણીમાં મોટો કાપ

...અનુસંધાન પાના ૧૩ પર

RBI સમક્ષ તાકીદની રજૂઆતઃ વધારાનો 40% જથ્થો ફાળવવા માંગ

નવી નોટોની આ કટોકટીને પહોંચી વળવા માટે બેંકિંગ સંસ્થાઓ દ્વારા તાબડતોબ મોરચો માંડવામાં આવ્યો છે. ગુજરાત અર્બન કો-ઓપરેટિવ બેન્ક્સ ફેડરેશનના ચેરમેન જ્યોતીન્દ્ર મહેતાએ આરબીઆઈને પત્ર લખી તમામ અર્બન કો-ઓપરેટિવ બેંકોને

...અનુસંધાન પાના ૧૩ પર

પોણો કરોડ રોશની પાછળ ખર્ચવાના મુદ્દે અનેક ટીકાઓથી શાસકોનો કાપ

વીજ કટોકટીને પગલે સુરતમાં હવે માત્ર 11 બ્રિજ પર જ રોશની કરાશે

અગાઉ રૂપિયા 72 લાખના ખર્ચે કરવાનો હતો પરંતુ શાસકોએ તેમાં કાપ મૂકીને 10 લાખ કરી નાંખ્યો

સુરતઃ રાજ્યમાં પ્રવર્તતી વીજ કટોકટી વચ્ચે સુરત મહાનગરપાલિકા દ્વારા દિવાળીની ઝાકમઝોળ પાછળ કરાતા લાખો રૂપિયાના આયોજન સામે ભારે વિવાદ અને સવાલો ઊઠતાં

...અનુસંધાન પાના ૧૩ પર

માત્ર દિવાળીની રાત્રે જ આખી રાત રોશની, બાકીના દિવસોમાં ૬ કલાકઃ સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલ

સ્થાયી સમિતિના અધ્યક્ષ રાજન પટેલે જણાવ્યું હતું કે, વીજ કટોકટી અને લોકલાગણીને ધ્યાને રાખીને પાલિકાની તમામ સરકારી ઇમારતો પર રોશની રદ કરવાનો નિર્ણય લેવાયો છે. રોશનીના સમયમાં પણ મોટો કાપ મૂકવામાં આવ્યો છેઃ જેમાં તાપી નદીના ૧૧ બ્રિજ પર કુલ ચાર દિવસ રોશની રહેશે. માત્ર દિવાળીની રાત્રે જ બ્રિજ આખી રાત ઝળહળશે. બાકીના ત્રણ દિવસ દરમિયાન સાંજે ૬:૦૦થી રાત્રે ૧૨:૦૦ વાગ્યા સુધી (માત્ર ૬ કલાક) જ લાઇટિંગ ચાલુ રખાશે. તહેવારની ઉજવણીનો માહોલ પણ જળવાઈ રહે અને પ્રજાના ટેક્સના નાણાં તેમજ વીજળીનો બિનજરૂરી બગાડ અટકે તે હેતુથી આ નિર્ણય લેવાયો છે. મર્યાદિત બજેટમાં પણ પર્વની ગરિમા જાળવી શકાય છે તેવો સંદેશ આ નિર્ણયથી મળ્યો છે.

ડિંડોલી-પાંડેસરા બ્રિજ પર રાત્રિના સુમારે

બ્રિજના જોઈન્ટ્સની વચ્ચેથી અચાનક જવાળાઓ નીકળી

બ્રિજની સ્ટ્રીટલાઈટના વીજ કેબલમાં ઓવરલોડિંગથી શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હતી

ફાયરને જાણ કરાતાં પાણીનો મારો ચલાવીને આગ કાબૂમાં લેવાઈ

સુરતઃ શહેરના ડિંડોલી-પાંડેસરા બ્રિજ પર રાત્રિના સુમારે સિમેન્ટ-કોંક્રિટના જોઈન્ટ્સ વચ્ચેથી અચાનક ભીષણ અગનજ્વાળાઓ નીકળતાં માર્ગ પરથી પસાર થતાં વાહનચાલકોમાં ભારે ગભરાટ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સિમેન્ટના રસ્તા વચ્ચેથી આગ નીકળતી જોઈ લોકો સ્તબ્ધ થઈ ગયા હતા, જોકે ફાયર બ્રિગેડ અને મ્યુનિસિપલ તંત્રની ત્વરિત કામગીરીને પગલે મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. બ્રિજના બે ભાગને જોડતા એક્સપાન્શન જોઈન્ટમાંથી એકાએક

...અનુસંધાન પાના ૧૩ પર

ઓવરલોડિંગને પગલે વાયર પીગળતાં શોર્ટ સર્કિટ થઇ

ફાયર વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું કે, બ્રિજ પર લાગેલી સ્ટ્રીટ લાઇટ્સને પાવર સપ્લાય પૂરો પાડતો મુખ્ય વીજ કેબલ આ જોઈન્ટની અંદરથી પસાર કરવામાં આવ્યો છે. વીજ વપરાશમાં ભારે

...અનુસંધાન પાના ૧૩ પર

પેઈડ FSIનાં નાણાં બાકી અને બિલ્ડરોએ BUC વિના વસવાટ શરૂ કરાવી દીધો!

પેઇડ FSIના આશરે 200 કરોડના ચેક રિટર્ન કરાવી નાણાં બાકી રાખનાર કતારગામ, રાંદેર, અઠવાના 9 પ્રોજેક્ટને વસવાટ ખાલી કરવા નોટિસ

બિલ્ડરોની નાણાં નહીં ભરવાની વૃત્તિનો ભોગ ફ્લેટધારકો બનશે

બિલ્ડરોની પાપલીલાનો ભોગ હવે સામાન્ય જનતા બની રહી છે. પાલિકા તંત્ર દ્વારા સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યા છે કે આગામી દિવસોમાં પણ પેઇડ FSIના બાકી નાણાંની કડક વસૂલાત કરવામાં આવશે અને બીયુસી વગર ધમધમતા અન્ય પ્રોજેક્ટો સામે પણ આનાથી પણ વધુ કડક સીલિંગ અને ખાલી કરાવવાની ઝુંબેશ હાથ ધરાશે.

સુરતઃ સુરત મહાપાલિકામાં પેઈડ એફએસઆઈના નાણાં સામે ચેક આપીને રિટર્ન થયેલા ચેકના નાણાં નહીં ચૂકવીને બિલ્ડરો દ્વારા પોતાના પ્રોજેક્ટમાં બીયુસી મેળવ્યા વિના જ વસવાટ શરૂ કરાવી દેવામાં આવ્યા છે. તાજેતરમાં મનપાની સામાન્ય સભામાં આવો કિસ્સો બહાર આવ્યા બાદ મનપાના શહેર વિકાસ વિભાગે રિટર્ન ચેકના 200 કરોડ રૂપિયા નહીં ચૂકવનાર અઠવા, રાંદેર અને કતારગામના જાણીતા 9 પ્રોજેક્ટ્સે વસવાટ ખાલી કરવાની નોટિસ ફટકારતાં બિલ્ડરોમાં દોડાદોડી થઈ જવા પામી છે.

સુરતમાં પ્લાન મંજૂર કરાવતી વખતે બિલ્ડરોએ પેઈડ FSIના નાણાં ચૂકવવાના હોય છે. એક અંદાજ પ્રમાણે કેટલાક બિલ્ડરો દ્વારા એડવાન્સમાં અપાયેલા ચેકો રિટર્ન થયા છે અને આવા ચેકની રકમ 200 કરોડની આસપાસ થઈ ગઈ છે. નિયમ મુજબ, જ્યાં સુધી પેઈડ FSIની 100 ટકા રકમ વ્યાજ અને પેનલ્ટી સાથે ભરપાઈ નહીં થાય ત્યાં સુધી મનપાના મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ દ્વારા પ્રોજેક્ટના વપરાશ અંગેનું બીયુસી આપવામાં આવતું નથી. પરંતુ બીયુસી લીધા વિના જ કાયદેસર ભરવાના કરોડો રૂપિયા બાકી રાખીને બિલ્ડરો દ્વારા ગેરકાયદેસર રીતે પોતાના પ્રોજેક્ટમાં વસવાટ શરૂ કરાવી દીધો હતો. મનપાની તિજોરીને કરોડોનો ચૂનો ચોપડવાની સાથે બિલ્ડરોએ નિર્દોષ ખરીદદારોના નાણાં પણ જોખમમાં મૂક્યા છે.

જો બીયુસી વિનાના આવા ગેરકાયદે પ્રોજેક્ટ્સમાં કોઈ મોટી દુર્ઘટના કે જાનહાનિ થાય, તો સીધા મનપાના ઝોન અને વિભાગના અધિકારીઓ જવાબદાર ઠરે છે, જેને પગલે કમિશનર કક્ષાએથી આ આકરી કાર્યવાહીના આદેશ અપાયા છે. સામી દિવાળીએ તહેવારોના માહોલ વચ્ચે મનપા દ્વારા આ ૯ પ્રોજેક્ટના તમામ ફ્લેટ હોલ્ડરો અને ડેવલપરોને ગેરકાયદેસર વસવાટ ખાલી કરવાની નોટિસ અપાતા પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે.

આગેકદમ સુરત સહિત 9 TSS ગુજરાતમાં, 5 મહારાષ્ટ્રમાં બનશે, જેના આધારે વીજળી મેળવીને બુલેટ ટ્રેન દોડશે

બુલેટ ટ્રેનનું પહેલું પાવર હાઉસ બિલિમોરામાં તૈયાર

ટ્રેક્શન પાવર સિસ્ટમને સપ્લાય કરે છે, જેનાથી બુલેટ ટ્રેન 320 કિમી પ્રતિ કલાકની ઝડપે દોડી શકે

સુરતઃ ભારતની પહેલી મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પરિયોજના માટે સુરત અને દક્ષિણ ગુજરાત માટે સૌથી મોટા સમાચાર આવ્યા છે. 508 કિમી લાંબા કોરિડોરને અવિરત વીજ પુરવઠો આપવા માટે કુલ 14 ટ્રેક્શન સબસ્ટેશન બનાવવામાં આવી રહ્યા છે અને તેમાંથી પહેલું TSS સુરતથી નજીક નવસારી જિલ્લાના બિલીમોરામાં નિર્માણના અંતિમ તબક્કામાં પહોંચી ગયું છે.

14 TSS ક્યાં-ક્યાં બનશે?

14 માંથી 5 TSS મહારાષ્ટ્રમાં રહેશે - મુંબઈ, થાણે, વિરાર, બોઈસર અને થાણે ડેપો. જ્યારે 9 TSS ગુજરાતમાં રહેશે - વાપી, બિલીમોરા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, મહેમદાવાદ, અમદાવાદ અને સાબરમતી ડેપો. આમાં સુરત રિજન માટે વાપી, બિલીમોરા અને સુરત એ સૌથી મહત્વના ત્રણ TSS છે.

સુરત-બીલીમોરાને પાવર ક્યાંથી મળશે?

ગુજરાતના તમામ ટ્રેક્શન સબસ્ટેશનોને ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ (GETCO) ના 220 kV અંબેથા ગ્રીડ સબસ્ટેશનથી વીજળી પ્રાપ્ત થશે. ત્યારબાદ મુંબઈ-અમદાવાદ કોરિડોરમાં અપનાવવામાં આવેલી અત્યાધુનિક 2 × 25 kV ટ્રેક્શન પાવર સપ્લાય પ્રણાલી દ્વારા વાયાડક્ટ પર લાગેલા ઓવરહેડ ઈક્વિપમેન્ટ (OHE) ને વીજ પુરવઠો આપવામાં આવશે. સમગ્ર ટ્રેક્શન પાવર સપ્લાય નેટવર્કનું સેન્ટ્રલાઈઝડ કંટ્રોલ સેન્ટરથી સતત રિયલ-ટાઈમ મોનિટરિંગ કરવામાં આવશે, જેથી ક્યાંય પણ વીજ વિક્ષેપ આવે તો તરત જ ખબર પડે. બિલીમોરા TSS ના સફળ કમિશનિંગ બાદ સુરત TSS ના કામને પણ વધુ વેગ મળશે અને દક્ષિણ ગુજરાતમાં બુલેટ ટ્રેનના ટ્રાયલનો માર્ગ મોકળો થશે.

TSS એટલે શું અને કેમ મહત્ત્વનું?

ટ્રેક્શન સબસ્ટેશન હાઈ-સ્પીડ રેલની વીજ પ્રણાલીનું હૃદય છે. આ સબસ્ટેશન સરકારી ગ્રીડમાંથી હાઈ વોલ્ટેજ વીજળી લે છે, તેને જરૂરી વોલ્ટેજ લેવલમાં કન્વર્ટ કરે છે અને ટ્રેક્શન પાવર સિસ્ટમને સપ્લાય કરે છે, જેનાથી બુલેટ ટ્રેન 320 કિમી પ્રતિ કલાકની ઝડપે દોડી શકે છે.

બીલીમોરા TSS ની અંદર શું-શું તૈયાર થયું?

નવસારી જિલ્લાના બિલીમોરામાં બનતું આ પહેલું TSS લગભગ 18,000 ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું છે. કંટ્રોલ પેનલ, ચેન્જઓવર સ્વિચ, ટ્રાન્સફોર્મર અને સર્કિટ બ્રેકર બિલ્ડિંગમાં તમામ ઉપકરણોની સ્થાપના પૂર્ણ. તમામ ગેન્ટ્રી ટાવર અને બીમ ઈન્સ્ટોલેશનનું કામ પૂર્ણ. હાલમાં ઉપકરણોની સ્થાપના, ટેસ્ટિંગ અને કમિશનિંગની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.

ક્ષત્રિય દુઃખદ અવસાન – બેસણું

દિલગીરી સાથે જણાવવાનું કે મારા ધર્મપત્ની **નિર્મલાબેન નંદકિશોરભાઈ ચોરાવાલા** નું દુઃખદ અવસાન તા. ૨૯/૧૦/૨૦૨૬ ગુરૂવારના રોજ થયેલ છે. પ્રભુ સદ્દગતના આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

સ્વ. નિર્મલાબેન નંદકિશોરભાઈ ચોરાવાલા (સ્વ. તા. ૨૯/૧૦/૨૦૨૬)

સદ્દગતનું બેસણું : તા. ૩૧-૧૦-૨૦૨૬, શનિવાર સમયઃ સવારે ૯ થી ૧૧ કલાક દરમ્યાન.

સ્થળ : ભરતિયા પોલીટેકનિક ઈન એનિમલ હસબન્ડરી, ભરતિયા એજ્યુકેશન કેમ્પસ, શ્રી સુરત પાંજરાપોળ, ઘોડદોડ રોડ, સુરત.

લિ. ધર્મેશભાઈ ચંદ્રકાંતભાઈ કાચીવાલા
જુહી જયરાજ ગજીવાલા - જયરાજ મનોજભાઈ ગજીવાલા
નિશાંત - જેલમ - કનિષ્કા - લુકસ
તથા સમસ્ત ચોરાવાલા પરિવારના સૌને જય શ્રી કૃષ્ણ

શ્રધ્ધાંજલિ

સ્વ. અંબાબેન હરગોવિંદભાઈ પટેલ સ્વ. તા. ૩૧-૧૦-૨૦23

સ્વ. વિપુલકુમાર હરગોવિંદભાઈ પટેલ સ્વ. તા. ૧૫-૧૦-૧૯૯૪

વિદાય તમારી એવી અણધારી થઈ કે એ અશુભ પળ અંતરમાં ફેરવાઈ ગઈ, સ્મૃતિઓ જાગશે પળ પળ અમ અંતરમાં, સ્મરણોનાં તોરણ બાંધશે. ભલે તમે સદેહ નથી અમારી સાથે, આપનો પ્રેમ અને આશિર્વાદ સદા વરસતો રહેશે, આપના સ્નેહ ભર્યા સ્મરણો સાચવીશું જીવનભર.. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
હરગોવિંદભાઈ નરોત્તમભાઈ પટેલ
પરભુભાઈ નરોત્તમભાઈ પટેલ
સહપરિવાર

સરનામું : રામપરા (ખરવાસા) તા. બારડોલી

સુરત દશા મેવાડા વણિક અવસાન / બેસણું

સ્વ. હિમાંશુ પ્રવિણચંદ્ર ચોકસી

સ્વ.તા. ૩૦-૧૦-૨૦૨૬

દિલગીરી સાથે જણાવવાનું કે, મારા ભત્રીજા/પતિ/મોટાભાઈ/પિતા શ્રી **હિમાંશુ પ્રવિણચંદ્ર ચોકસીનું** તા.૩૦-૧૦-૨૦૨૬ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્દગતનું **બેસણું તા.૩૧-૧૦-૨૦૨૬ને શનિવારના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : BPAH હોલ, પાંજરાપોળ, ઘોડદોડ રોડ, સુરત.

લિ.

અરૂણભાઈ ચંપકલાલ ચોકસી (કાકા)	રાગિણીબેન અરૂણભાઈ ચોકસી(કાકી)
હર્ષા હિમાંશુ ચોકસી (પત્ની)	મેઘાવી હિમાંશુ ચોકસી (પુત્રી)
શ્યામ હિમાંશુ ચોકસી (પુત્ર)	નિધી શ્યામ ચોકસી (પુત્રવધુ)
ધર્મેશ પ્રવિણચંદ્ર ચોકસી (ભાઈ)	તેજલ ધર્મેશ ચોકસી (ભાભી)
દેવાંગ પ્રવિણચંદ્ર ચોકસી (ભાઈ)	ક્ષમા દેવાંગ ચોકસી (ભાભી)
ગૌરાંગ રાજેન્દ્ર વેસ્માવાળા (બનેવી)	નેહા ગૌરાંગ વેસ્માવાળા (બેન)
હિરલ અરૂણભાઈ ચોકસી (બેન)	હર્ષિલ,ક્રિષ્ના,પ્રિયા(ભત્રીજા-ભત્રીજી)
નિમિત સંજીવભાઈ શાહ (જમાઈ)	ચિત્તલ નિમિત શાહ (ભત્રીજી)

તથા **સમસ્ત ચોકસી પરિવાર**

નિવાસસ્થાન : ૧૪-બી, કદમપલ્લી સોસાયટી, નાનપુરા,ટીમલીયાવાડ, સુરત.

ફર્મ : મે.સી.બી.બ્રધર્સ, નવાપુરા, સુરત.

સ્વર્ગ નગરીના પુનર્નિયોજન અર્થે સુરત મહાનગરપાલિકાના પૂર્વ DOP સ્થપતિ, નગર નિયોજક, અજોડ અનાવિલ

આર. ડી. દેસાઈ

નું અંતિમ પ્રયાણ

સખેદ વિદિત કરું છું કે મારા જીવનસાથી અઠવાલાઈન્સ, આદર્શ સોસાયટી "ધીરજ" બંગલા નિવાસી

શ્રી રમેશચંદ્ર ધીરજલાલ દેસાઈ

ટૂંકી માંદગી બાદ તાઃ 30-10-2026 ના શુકવારના રોજ કૈલાસવાસી થયા છે.

સહપરિવાર, મિત્રવર્તુળ સમેત સેવા નિવૃત પ્રા. દેવયાની રમેશચંદ્ર દેસાઈ જગતનિયંતા ને કરે છે નમ્ર અરજ દિવ્યાત્માને શાશ્વત શાન્તા અર્પિત કરો

મંગલ મંદિર ખોલો......
દયામય મંગલ મંદિર ખોલો.....

ક્ષત્રિય દુઃખદ અવસાન – બેસણું

દિલગીરી સાથે જણાવવાનું કે મારા ધર્મપત્ની **નિર્મલાબેન નંદકિશોરભાઈ ચોરાવાલા** નું દુઃખદ અવસાન તા. ૨૯/૧૦/૨૦૨૬ ગુરૂવારના રોજ થયેલ છે. પ્રભુ સદ્દગતના આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

સ્વ. નિર્મલાબેન નંદકિશોરભાઈ ચોરાવાલા (સ્વ. તા. ૨૯/૧૦/૨૦૨૬)

સદ્દગતનું બેસણું : તા. ૩૧-૧૦-૨૦૨૬, શનિવાર સમયઃ સવારે ૯ થી ૧૧ કલાક દરમ્યાન.

સ્થળ : ભરતિયા પોલીટેકનિક ઈન એનિમલ હસબન્ડરી, ભરતિયા એજ્યુકેશન કેમ્પસ, શ્રી સુરત પાંજરાપોળ, ઘોડદોડ રોડ, સુરત.

લિ. નંદકિશોર ધનસુખલાલ ચોરાવાલા
ધર્મેશ નંદકિશોર ચોરાવાલા | જિગિષા ધર્મેશ ચોરાવાલા
વિરલ નંદકિશોર ચોરાવાલા | સેજલ વિરલ ચોરાવાલા
નિશા ધર્મેશ કાચીવાલા | જશરાજ વિરલ ચોરાવાલા
જૂહી જયરાજ ગજીવાલા
નિશાંત – જેલમ તથા સમસ્ત પરિવાર